# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 31/12/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

---

1. **આજે મોડી રાત સુધી થનારી 31મી ડિસેમ્બર નવા વર્ષની શાંતિપૂર્ણ ઉજવણી માટે રાજ્યભરની પોલીસ એક્શન મોડમાં**
2. **મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના વર્ષ 2026ના કેલેન્ડરનું વિમોચન કર્યું.**
3. **અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટિટ્યૂટ વર્ષ 2025માં 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ કરી દેશની એકમાત્ર જાહેર ક્ષેત્રની હોસ્પિટલ બની**
4. **રાજ્ય યોગ બોર્ડ દ્વારા આયોજિત 'નવા વર્ષના પ્રથમ સૂર્ય કિરણને નમસ્કાર ' સત્રમાં રાજ્યભરના લોકોને જોડાવા અપીલ.**
5. **કર્ણાટકને હરાવીને ગુજરાતની ટીમ મહિલા અંડર 19 વન-ડે ટ્રોફી એલિટની ફાઇનલમાં પહોંચી.**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# 31ST DECEMBER

રાજ્યભરમાં આજે 31મી ડિસેમ્બરની ઉજવણી શાંતિપૂર્ણ માહોલમાં સર્જાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. પોલીસ તંત્ર એલર્ટ મોડમાં છે.

અમદાવાદ ગ્રામીણ પોલીસે ૩૧ ડિસેમ્બરની ઉજવણી શાંતિ પૂર્ણ માહોલમાં થાય તે માટે તમામ તકેદારી લઇ રહી છે.. અમદાવાદ ગ્રામ્ય પોલીસ આજે રાત્રે રાજ્ય માર્ગો અને હાઇવે ઉપર તૈનાત રહેશે જેને કારણે સલામતીની વ્યવસ્થા જળવા રહે. અમદાવાદના ડેપ્યુટી એસપી તપન સિંહ ડોડિયાએ જણાવ્યું કે આજે શહેરની ગ્રામ્ય પોલીસે મોડીરાત સુધી ખડેપગે રહેશે

## (બાઈટ - એસપી તપન સિંહ ડોડિયા)

મોરબી જિલ્લા પોલીસ વડા મુકેશ પટેલે 31 ડિસેમ્બરની ઉજવણી દરમ્યાન સુરક્ષાના પગલાઓ અંગે પત્રકાર પરિષદ યોજી માહિતી આપી હતી.

## બાઈટ મુકેશ પટેલ, જિલ્લા પોલીસ વડા મોરબી

બીજી તરફ રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા ૩૧ ડિસેમ્બરની ઉજવણીના આયોજકો માટે કાર્યક્રમ પુર્વે જરૂરી મંજુરી લેવા અને પ્રતિબંધિત માદક પદાર્થો વેચવા તેમજ સેવન ન કરવા સહિતના આદેશો અંગે જાહેરનામું બહાર પડાયું છે.

ગીર સોમનાથ જિલ્લામા ઠેર ઠેર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. હાલમાં જિલ્લામાં 2 મુખ્ય ચેકપોસ્ટ અને 12 અલગ-અલગ વાહન ચેકિંગ કેન્દ્ર કાર્યરત છે.જીલ્લામાં પ્રોહિબિશનના કુલ 408 ગુના નોંધાયા છે.

---

# ARVALLI CRIME

અરવલ્લીના શામળાજી નજીકથી પોલીસે એક વ્યક્તિને ત્રણ દેશી પિસ્તોલ અને 18 જીવતા કારતૂસ સાથે ઝડપી પાડ્યો છે. આ અંગે અરવલ્લી SOGએ વધુ તપાસ હાથ ધરી હોવાનું SP મનોહરસિંહ જાડેજાએ જણાવ્યુ હતું.

## બાઈટ : મનોહરસિંહ જાડેજા, SP, અરવલ્લી

---

# CALENDAR - 2026

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે રાજ્ય સરકારના વર્ષ 2026ના કેલેન્ડરનું વિમોચન કર્યું. તેમણે 'આત્મનિર્ભર ભારત, આપણું ગૌરવ - વોકલ ફોર લોકલ ' વિષયવસ્તુ આધારિત આ કેલેન્ડરને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી.

આ કેલેન્ડરમાં ઓટોમોબાઈલ ક્ષેત્ર , ફાર્મા , સિરામિક, સેમિકન્ડક્ટર, ડાયમંડ જેવા ઉદ્યોગ અને પાટણના પટોળા , કચ્છની હસ્તકલા, પિઠોરા ચિત્રકળા, બાંધણી, રોગાન ચિત્રકળા, અકીક કારીગરી જેવી ગુજરાતની વિશેષ કળાને રજૂ કરાઇ છે.આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

---

# ADARAJ SPEED TEST

આદરજ મોટી –વિજાપુર રેલખંડનું સીઆરએસ પશ્ચિમ સર્કલ દ્વારા સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવ્યું.

ગઇકાલે આદરજ મોટી–વિજાપુર સેકસનમાં નવી પરિવર્તિત બ્રોડ ગેજ રેલવે લાઇન પર 120 કિમી પ્રતિ કલાકની ઝડપે સ્પીડ ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું. આ દરમિયાન આશરે 40 કિલોમીટરનું અંતર માત્ર 20 મિનિટમાં કાપવામાં આવ્યું.

રેલ સુરક્ષા આયુક્ત (CRS) દ્વારા આ પરિવર્તિત બ્રોડ ગેજ રેલ લાઇનને યાત્રી પરિવહન માટે શરૂ કરતાં પહેલાં વિવિધ તપાસ કરવામાં આવી હતી.

તેમાં ટ્રેક ફિટિંગ, બેલાસ્ટ, સિગ્નલિંગ ઇન્ટરલોકિંગ, OHEની ઊંચાઈ તથા અન્ય તમામ સુરક્ષા સંબંધિત પાસાઓની ખાતરી કરવામાં આવી.

---

## CIVIL HOSPITAL RECORED

અમદાવાદ સિવિલ મેડિસીટીની કિડની ઈન્સ્ટિટ્યૂટે નવો વિક્રમ સ્થાપિત કરતાં વર્ષ 2025માં 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ સફળતાપૂર્વક પૂર્ણ કર્યા છે.

એક જ વર્ષમાં 500 કિડની ટ્રાન્સપ્લાન્ટ કરનાર દેશની એકમાત્ર જાહેર ક્ષેત્રની હોસ્પિટલ બની છે. આ હોસ્પિટલમાં નવેમ્બર 2024 સુધીમાં 400 અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યા હતા , જ્યારે વર્ષ 2025માં માત્ર 7 ઓક્ટોબર સુધીમાં જ કિડની ટ્રાન્સપ્લાન્ટનો આંકડો 400 સુધી પહોંચી ગયો હતો.

આ 500 ટ્રાન્સપ્લાન્ટમાં 367 પુરુષો અને 133 મહિલાઓનો સમાવેશ થાય છે. મહત્વની વાત એ છે કે , આ સેવાનો લાભ માત્ર ગુજરાત પૂરતો મર્યાદિત નથી , તેમાં 330 દર્દીઓ ગુજરાતના અને 170 દર્દીઓ અન્ય રાજ્યોના છે.

---

# AHD FLOWERSHOW DIGITAL

અમદાવાદનો ફ્લાવર શો ડિજિટલ બન્યો છે. ફ્લાવર શોની ટીકિટ ડીજીટલ બનતા હવે મુલાકાતીઓને લાંબી કતારમાંથી મળશે મુક્તિ, ઓનલાઈન ટિકિટ બુકિંગ કરાવી શકાશે.

આ ફ્લાવર શો જન્યુઆરીના પહેલા અઠવાડિયામાં યોજાઇ રહ્યો છે ત્યારે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ વ્યવસ્થા કરાઇ છે.

---

# SURYANAMSKAR

ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા આવતીકાલે ‘નવા વર્ષના પ્રથમ સૂર્ય કિરણને નમસ્કાર’ નામના 'સૂર્ય નમસ્કાર અને ધ્યાન ' સત્રનું આયોજન કરાયું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આ ઐતિહાસિક સત્રમાં જોડાઈને રાજ્યના યુવાનોને પ્રોત્સાહન આપશે.

રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ – શીશપાલજીએ લોકોને આ કાર્યક્રમમાં જોડવવા અનુરોધ કર્યો હતો.

## બાઈટ - યોગસેવક શીશપાલ

---

# GUJ WOMEN CRICKET VICTORY

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા આયોજિત મહિલા અંડર-19 વનડે ટ્રોફી એલિટ ટૂર્નામેન્ટની ફાઇનલમાં ગુજરાતનો પ્રવેશ થયો છે.

પ્રથમ સેમિફાઇનલ ગઇકાલે પૂણેના વીરાંગણ ક્રિકેટ એકેડેમી ગ્રાઉન્ડ ખાતે ગુજરાત અને કર્ણાટક વચ્ચે રમાઈ હતી. જેમાં ગુજરાતે 5 વિકેટે જીત મેળવીને ફાઈનલમાં પ્રવેશ કર્યો છે.

---

## WOMEN CRICKET

ભારતે પાંચમી મહિલા T-20 ક્રિકેટ મેચમાં શ્રીલંકાને 15 રનથી હરાવીને શ્રેણી 5-0થી જીતી લીધી. ભારતે પ્રથમ બેટિંગ કરીને 175 રન બનાવ્યા. જવાબમાં શ્રીલંકા નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 160 રન જ બનાવી શક્યું.

કેપ્ટન હરમનપ્રીત કૌરને પ્લેયર ઓફ ધ મેચ અને શેફાલી વર્માને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવી.

---

## WEATHER

રાજ્યમાં આગામી બે દિવસ બાદ ઠંડીનું પ્રમાણ વધે તેવી હવામાન વિભાગે શક્યતા દર્શાવી છે.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ.એ.કે. દાસના જણાવ્યા અનુસાર, રાજ્યમાં દિવસ દરમિયાન કચ્છ , દ્વારકા, જામનગર, મોરબી, પાટણ અને બનાસકાંઠામાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ થવાની સંભાવના છે.

## બાઈટ – ડૉ.એ.કે. દાસ

---

## RAJKOT - VGRC

રાજકોટમાં યોજાનારી વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સના આયોજન અંગે ગઇકાલે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં વિવિધ સમિતિઓની બેઠક યોજાઇ. બેઠકમાં કોન્ફરન્સ અંગે થઈ રહેલી વિવિધ કામગીરીની ચર્ચા કરાઇ હતી.

આ ઉપરાંત કાર્યક્રમ માટે રાજકોટ તેમજ સૌરાષ્ટ્રભરમાંથી ઉદ્યોગકારોના પૂરtતી નોંધણી થાય તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો.

---

## JAAMNAGAR – KHANIJ CHORI

જામનગરની ભુસ્તર વિભાગે ખારાબેરાજા અને વાંકિયા ખાતે થી ખનીજ ચોરી પકડી અંદાજે એક કરોડ રૂપિયાનો સામાન કબજે કર્યો. દરોડા પાડતાં સરમત ગામેમાં ખનીજનું ગેરકાયદે ખોદકામ થતું હોવાનું વિભાગને જાણવા મળતાં એક યંત્ર અને બે ટ્રેકટર સહિતના વાહનને જપ્ત કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

---

## FISHERMEN AWARENESS PROGRAM

દેવભૂમિદ્વારકાના ઓખા માં માછીમારો ને દરિયાઈ સુરક્ષા અને કુદરતી આપત્તિઓ અંગે માર્ગદર્શન અપાયું હતું. એક જાગૃતિ કાર્યક્રમમાં માછીમારો માટેની યોજનાઓ, જહાજ પર નજર રાખતી પ્રણાલિ અને બચાવ કામગીરી સહિતની માહિતી અપાઈ. જિલ્લા વહીવટી તંત્ર , મત્સ્યોદ્યોગ કચેરી અને ગુજરાત સમુદ્રી બોર્ડના ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં મોટી સંખ્યામાં સાગરખેડૂ જોડાયા હતા.

---